લીલાવંટાની મહિલાનું દવા પી જતા મોત : સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાની લીલાવંટાની મહિલાનુ સાસરીયાઓ દ્વારા ત્રાસ અપાતો હોવાથી દવા પી જતા મોત નિપજ્યા અંગે પિયરપક્ષ દ્વારા ત્રણ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ખેડબ્રહમા તાલુકાના વિખરણ ગામના બાબુભાઈ દિતાભાઈ ખોખરીયાની દિકરી સોનાબેનનું સમાજના રીત રીવાજ મુજબ આશરે દસેક વર્ષ અગાઉ લીલાવંટા ગામે અજીતભાઈ જોરાભાઈ ડાભી સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમ્યાન સોનાબેનને સંતાનમાં ચાર દિકરી અને એક દિકરાનો જન્મ થયો હતો. અને શરૂઆતમાં તેમનુ લગ્નજીવન બરાબર ચાલતુ હતુ.

થોડા સમય અગાઉ અજીતભાઈ સોનાબહેન પર આડા સંબંધ હોવાનો વહેમ રાખતા હતા અને અવારનવાર મારઝુડ કરી ત્રાસ આપતા હતા. જેથી સોનાબેન તેમના સસરા અને જેઠને કહેતા તો તે પણ અજીતભાઈનો પક્ષ લઈ અજીત તને મારે છે તે બરાબર કરે છે તેવુ જણાવી ત્રાસ આપતા હતા.

એક મહિના પહેલા સોનાબેનને તેના પતિ તથા જેઠ-સસરાએ માનસિક-શારીરિક ત્રાસ આપી મારઝુડ કરી લીલાવંટા ગામેથી કાઢી મુકી હતી. જેથી સોનાબેન તેમના પિતાના ઘરે વિખરણ મુકામે આવી ગયા હતા. તેમના પિતાએ સોનાબેનનુ ઘર ન ભાગે તેથી સાસરીવાળાઓને સમજાવતાં તા. ૯-૯-૧૭ના રોજ લેવા આવેલા હતા. પરંતુ સોનાબેને પરત ગયા બાદ વહેમ રાખી ફરી મારઝુડ કરશે તેવુ જણાવતા અને મોડી સાંજ થઈ ગયેલ હોવાથી સોનાબેનને મોકલેલ નહી. બીજા દિવસે સોનાબેન સાસરીમાં જવાનુ કહી લીલાવંટા જવા નિકળેલ હતા અને મોડી રાત્રે બાબુભાઈને સમાચાર મળ્યા હતા કે સોનાબેન મરણ ગયેલ છે અને હિંમતનગર દવાખાનામાં છે તેથી તે તેમના સગા સંબંધી સાથે હિંમતનગર સિવિલમાં જઈ જોતા સોનાબેન મરણ ગયેલ હતા અને શરીર ઉપર મારઝુડના નિશાન હતા. ત્યાં તપાસ કરતાં જાણવા મળેલ કે સોનાબેન ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખેડબ્રહ્મા સિવિલમાં લાવેલ ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર લાવેલ જ્યાં મરણ ગયેલ હતા.

જેથી સોનાબેનના પિતા બાબુભાઈએ તેમના પતિ અજીતભાઈ જોરાભાઈ, સસરા-જોરાભાઈ વજાભાઈ ડાભી તથા જેઠ અરવિંદભાઈ જોરાભાઈ (લીલાવંટા) વાળાઓએ વહેમ રાખી મારઝુડ કરી સોનાબહેનને મારી નાખવા અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ૪૯૮(ક), ૩૨૩, ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મોડાસા ખાતે વિજય ટંકાર : યુવા સંમેલનના ભાજપ યુવા મોરચાની રેલી

પાટીદાર યુવકો વિરોધ કરે તે પહેલા સભાસ્થળ નજીકથી અટકાયત : પાટીદારોના નામે રાજકીય રોટલા શેકવાનું બંધ કરે : ઋત્વિજ પટેલ

મોડાસા, તા. ૧૭

સુરત વિજય ટંકાર રેલીમાં થયેલો હુમલો કોંગ્રેસ પ્રેરિત હોવાનો અને કોંગ્રેસ પાટીદાર સમાજના નામે પોતાનો રોટલો શેકાવાનું બંધ કરે, ગુજરાત માં આવનાર દિવસોમાં થનાર ચૂંટણીઓમાં કોંગ્રેસને જડમૂળથી ઉખાડી ફેંકીશું તેમ ભાજપા યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ઋત્વિજ પટેલે મોડાસા ખાતે યોજાયેલા સંમેલનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. શનિવારે યોજાયેલ બાઈકરેલી અને યુવા સંમેલનમાં ઉમટી પડેલી જનમેદનીથી પ્રભાવિત થયી મોડાસા વિધાનસભાની બેઠક ભાજપ જ વિજય બનશે તેમ ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું. સભા સ્થળ નજીક ૫૦થી વધુ પાટીદાર યુવકો દ્વારા જય સરદાર જય પાટીદારના નારા સાથે ઋત્વિજ પટેલની રેલી અને સભાસ્થળે વિરોધ કરે તે પહેલા પોલીસે દ્વારા અટકાયત કરી લેવાતા રેલી અને યુવા સંમેલનનું શાંતિપૂર્ણ સમાપન થયું હતું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું રણશીંગુ ફૂંકાઈ ગયું છે. શનિવારના રોજ મોડાસાના ભામાશા હોલ ખાતે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ડૉ. ઋત્વિજ પટેલની ઉપસ્થિતિમાં યુવા ટંકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગે મેઘરજ રોડ પર આવેલા ઉમિયામાતાજીના દર્શન કરી ખુલ્લી જીપમાં યુવા પ્રદેશ પ્રમુખ ઋત્વિજ પટેલ સાથે જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી અને જિલ્લાના યુવઆ મોરચા પ્રમુખ પ્રશાંત પટેલની સાથે મોડાસાના મુખ્યમાર્ગ પર વિશાળ બાઈકરેલી અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા નીકાળવામાં આવી હતી રેલી મોડાસા કોલેજના ભામાશા હોલ ખાતે પહોંચ્યા બાદ યુવા ટંકાર સંમેલનમાં પરિવર્તિત થયી હતી. જ્યાં ઋત્વિજ પટેલ દ્વારા સોશ્યલ મીડિયામાં જુઠ્ઠાણું ફેલાવનાર કોંગ્રેસીઓને ગુજરાતની પ્રજાના દિલમાં ક્યારેય સ્થાન નહિ મળે તેમ જણાવ્યું હતું. આવનાર વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની પ્રજા તેનો જવાબ માંગશે વિજય ટંકાર યુવા સંમેલનમાં પ્રદેશ ઉપાધ્યક્ષ દર્શક ઠાકર, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના મંત્રી હિમાંશુ પટેલ, જિલ્લા યુવા મોરચાના પ્રભારી વિશાલભાઈ દેસાઈ, દેવલ ત્રિવેદી, દિપક પટેલ, કૌશિક પટેલ, અનિલ પટેલ સહીત યુવા મોરચાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા પાટીદાર યુવાનો દ્વારા ડૉ. ઋત્વિજ પટેલની રેલી અને સંમેલનમાં મોટે પાયે યુવાનો વિરોધ પ્રદર્શન કરવાની જિલ્લા ભાજપના હોદ્દેદારોની ગંધ આવી જતા સભાસ્થળ નજીક મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો અને પાટીદાર યુવાનો અપેક્ષા મુજબ જય સરદાર જય પાટીદારના નારાઓ ગુંજી ઉઠતા અને પાટીદાર યુવાનો સંમેલન કે બાઈક રેલીનો વિરોધ પ્રદર્શિત કરે તે પહેલા અટકાયત કરવામાં આવી હતી. પાટીદાર યુવા અગ્રણી વિપુલ પટેલના જણાવ્યા અનુસાર પાટીદારોને તો અનામતથી મતલબ છે અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર આંદોલન કોના પ્રેરિત છે તેનો પણ યોગ્ય જવાબ મળી જશે અને આ બધા લોકો તો ટેસ્ટરો હોવાનું જણાવ્યું હતું.

ધાનેરા તાલુકાનાં ખાપરોલ ગામે સભ્યો દ્વારા ચાલતી મનમાની, તલાટીએ હાથ અધ્ધર કર્યા

પૂરથી બચવા માટે ચેક ડેમ જેવા પાળા બાધ્યાં

ખાપરોલ ગામે હાલ નવાં સરપંચ આવેલ છે પરંતુ સરપંચ અને

ડે.સરપંચ ને અંધારામાં રાખી તલાટી અને સભ્યો પોતાની મનમાની ચલાવી રયા છે

એક સભ્ય શ્રી એ પોતાના ઘર પાસે ચેક ડેમ જેવા મોટા પાળા બાંધી દીધા છતાં કોઈ ને ખબર નથી આ બાબતે તલાટી બધું જાણે છે અને પરમીશન વગર જેસીબી.દ્વારા રેતી ખોદીને પાળાં બાંધવા માં આવ્યા છે જે બાબતે તલાટી ને પુછતાં જવાબ મળેલ છે કે મારી કોઈ જવાબદારી આવતી નથી તમારે જે કરવું હોય તે કરો. કેશડોલ બાબતે પણ ખુબ જ ભ્રષ્ટાચાર થયો છે તથાં શૌચાલયો માં પણ ભ્રષ્ટાચાર થયો છે ગામ લોકો ને પુછતાં લોકો નુ કહેવું છે કે ૧વર્ષ પહેલા શૌચાલયો માટે ફાર્મ ભરીને આપયાં છે આજ દિન સુધી બનાવવામાં આવ્યા નથી આ બધી બાબતો માં તલાટી હાથ અધ્ધર કરી ને કહેછે કે મારી કોઈ જવાબદારી નથી તો જવાબદારી કોની?

મોડાસામાં મોટાભાગના એટીએમના શટર ડાઉનથી લોકોને ભારે હાલાકી

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં કેટલીક બેંકોના એટીએમ પંદર-પંદર દિવસથી બંધ હાલતમાં હોવા છતાં સબંધિત બેંક સત્તાવાળાઓને ગ્રાહક સેવાની કઈ જ પડી નથી. આ એટીએમ ૧૫ દિવસથી બંધ છે, આ ઉપરાંત કેટલાક ચાલુ એટીએમ પણ એ સમયે નેટના ધાંધિયાને લીધે ધરમધક્કા ખવડાવે છે. એટીએમનો કોઈ અર્થ જ સરતો નથી અને તેના ભરોસે પૈસા ઉપાડવા જતા ગ્રાહકોને વિલે મોઢે પરત ફરવું પડે છે. જિલ્લા મથકે આ સ્થિતિ છે તો અન્ય સ્થળની તો વાત જ ક્યાં કરવી ? લોકોમાં આ હાલતથી પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. જિલ્લા કલેકટર જાહેર જનતા માટે જે તે બેંકોને તાકીદ કરી નિયમિત એટીએએમ ચાલે તેવી સૂચના કરે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

મોડાસાના માલપુર રોડ પર આવેલા દેનાબેન્કના ઈ-સ્માર્ટ એ.ટી.એમ તો નોટબંધી પછી મુખ્યત્વે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યું છે. ગ્રાહકો પાસેથી બેંક દ્વારા એટીએમ સર્વિસ ચાર્જના નામે ગ્રાહકો પાસેથી લાખ્ખો રૂપિયા ખંખેરી લીધા પછી પણ ગ્રાહકોને સર્વિસ પુરી પાડવામાં ઉણી ઉતરી રહી છે અને કોઈ બેન્કનો ગ્રાહક ફરિયાદ કરવા જાય તો કનેક્ટિવિટીનો ઉપરથી પ્રોબ્લેમ છે તેમ રોકડુ પરખાવી દઈ જવાબદારીમાંથી મોટાભાગના બેંકોના કર્મચારીઓ છટકી જતા હોય છે.

ભિલોડા આર.જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં હિન્દી દિવસની ઉજવણી

ભિલોડા,તા.૧૭

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં હિન્દી દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.બી.એડ્. કોલેજ, એમ.એડ્. કોલેજ ,એસ.એસ. ડબલ્યું. નર્સિંગ સ્કુલ, પી.ટી.સી. કોલેજ, ગુજરાતી-અંગ્રેજી મીડીયમ સ્કુલ ધ્વારા હિન્દી દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. શૈક્ષણિક, બિનશૈક્ષણિક વિભાગના આચાર્યો, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. રાષ્ટ્ર ભાષા હિન્દી વિશે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આર.જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં હિન્દી દિવસ ઉજવણી સંદર્ભે સફળ સંચાલન બી.એડ્. કોલેજની તાલીમાર્થીની દર્શના રાવલ, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી મીડીયમની વિદ્યાર્થીની યશ્વી પટેલએ કર્યું હતું.

ભિલોડાના પાલ્લા ગામની આર.એચ. પટેલ વિદ્યાલયનો વિદ્યાર્થી ચેસ સ્પર્ધામાં પ્રથમ

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામની આર.એચ.પટેલ વિદ્યાલયનો વિદ્યાર્થી જીલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.આર.એચ.પટેલ વિદ્યાલય પાલ્લાનો વિદ્યાર્થી યશ અનિલભાઈ ડામોર જીલ્લા કક્ષાની ચેસ હરીફાઈમાં પ્રથમ સ્થાન મેળવી રૂા.૫,૦૦૦/-નુંરોકડ ઈનામ મેળવી વિરાટ સિધ્ધી હાંસલ કરેલ છે.આર.એચ.પટેલ વિદ્યાલય પાલ્લા આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતી,સ્ટાફ પરીવાર,ટ્રસ્ટી મંડળના સભ્યોએ વિદ્યાર્થી સહિત માર્ગદર્શક શિક્ષક મહેન્દ્રભાઈ પંચાલ,કેતનભાઈ શાહને બિરદાવ્યા હતા.આર.એચ.પટેલ વિદ્યાલય પાલ્લા આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતીએ જણાવ્યું હતું કે શાળાનો વિદ્યાર્થી યશ ડામોર રાજ્ય કક્ષાની ચેસ હરીફાઈ સ્પર્ધામાં નિમણુંક થયેલ છે ત્યારે શાળા તેમજ ગામનું ગૌરવ વધાર્યું છે.

પ્રાંતિજના કાટવાડ પાસેથી બે લુંટારૂઓ દ્વારા બાઈકસવાર લૂંટાયો

બાઇક તથા મોબાઈલની લૂંટ કરી નાશી જતાં બાઇકચાલક દ્વારા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના કાટવાડ પાસે રાત્રીનાં સમયે ફેકટરી માં નોકરીએ જતાં બાઈક સવાર ને બે અજાણ્યા લુંટારૂઓ દ્વારા નીચે પાડી બાઈક તથા મોબાઇલ ની લુંટ કરી પ્રલાય થતાં બાઈક ચાલક દ્વારા પોલિસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના કાટવાડ પાસે રાત્રીનાં સમયે પોતાનું બાઈક નંબર જી. જે.૦૯ સીકયુ ૦૬૧૪ લઈને પોતે એશીયન ગ્રેનેટો કંપનીમાં નોકરી એ જતો હતો તે સમયે બે અજાણ્યા લુંટારૂ ઈસમો દ્વારા એમાજોન જતા કાચા રસ્તા માં આવી બાઈક ચાલક પીયુષ ભાઈ ને ઉભા રાખી નીચે પાડી ને હિન્દી માં પૈસા દે દે તેમ કહી બાઈક ચાલક પાસેથી તેનો મોબાઈલ તેની કિંમત- ૧૦૦૦ તથા બાઈક જેની કિંમત- ૨૦૦૦૦ કુલ- ૨૧૦૦૦ ની મુદ્દામાલ ની લુંટ કરી બે અજાણ્યા લુંટારૂઓ ભાંગી જતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશન માં પિયુષભાઈ ઈશ્વરભાઈ વણકર રહે.લાલપુર તા.ઈડર દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશન માં ફરીયાદ કરતાં પોલિસે ગુનો નોંધી અજાણ્યાં બે લુંટારૂઓ વિરૂધ્ધ ગુનો નોંધી આગળ ની તપાસ હાથધરી છે.

જર-જમીન ને જોરૂ ત્રણે કજિયાના છોરું

હરદેવાસણામાં જમીનની તકરારમાં લઘુબંધુએ ગુરૂબંધુ પર ચપ્પુ વડે કર્યો હુમલો

પાલનપુર, તા.૧૭

બનાસકાંઠાના વડગામ તાલુકાના હરદેવાસણા ગામે નાના ભાઈએ મોટા ભાઈ પર ચપ્પા વડે હુમલો કરી દેતા ઘાયલને સારવાર અર્થે વડગામ બાદ પાલનપુર સિવિલ મા ખસેડાયો હતો.

હરદેવાસણા ગામે ખેતર ખેડી રહેલા શમશુદ્દીન ઈબ્રાહિમભાઈ જુણકીયા પર નાના ભાઈ એ જમીન ની તકરાર મા ચપ્પા વડે હુમલો કરી દેતા ગંભીર હાલત મા સિવિલ મા ખસેડાયા હતા. જોકે, પતિ ના બચાવ મા વચ્ચે પડેલી ઈજાગ્રસ્તની પત્નીને પણ માર મરાતા ઘાયલ ખેડૂત દંપતી ને સારવાર અર્થે પાલનપુર સિવિલ મા ખસેડાયા હોવાનું ઈજાગ્રસ્તએ જણાવ્યું હતું.

જર-જમીન ને જોરું ત્રણેય કજિયા ના છોરું કહેવત ને યથાર્થ કરતો કિસ્સો હરદેવાસણા મા બન્યો હતો. ત્યારે ભાઈએ ભાઈ પર કરેલા હુમલાથી ઈજાગ્રસ્તના સગાં પણ પાલનપુર સિવિલ ખાતે દોડી આવ્યા હતા.

દઢવાવ પ્રગતિ હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા,તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના દઢવાવ ગામની દઢવાવ પ્રગતિ હાઈસ્કુલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.ઈડર સરપ્રતાપ હાઈસ્કુલના મેદાનમાં દિવ્યાંગ ખેલ મહાકુંભ યોજાયો હતો. દિવ્યાંગ વિદ્યાર્થીની તેજલબેન અમરાજી ડામોર દોડમાં પ્રથમ સ્થાન, લાંબી કુંદમાં પ્રથમ સ્થાન, ચક્ર ફેંકમાં પ્રથમ સ્થાન મેળવી દઢવાવ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. દઢવાવ પ્રગતિ હાઈસ્કુલ આચાર્ય જયંતીભાઈ પટેલ, રાષ્ટ્રીય અંધજન મંડળ મંત્રી પ્રો. ભાસ્કરભાઈ મહેતા, વિશિષ્ટ શિક્ષક મિનાક્ષીબેન દવે, સ્ટાફ પરીવાર, ટ્રસ્ટ મંડળ સભ્યો, ગ્રામજનોએ દિવ્યાંગ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

ધાનેરાની શ્રી સરસ્વતી વિદ્યામંદિર પ્રશ્નમંચમાં ઉત્તર ગુજરાત પ્રાંતમાં દ્વિતીય ક્રમે

ધાનેરા, તા. ૧૭

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી લોકકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિર ધાનેરાએ ભારત વિકાસ પરિષદ આયોજિત ભારત કો જાનો પ્રશ્નમંચમાં ધાનેરા શાખા સ્તરે પ્રથમ નંબર અને દીયોદર ખાતે યોજાયેલ ઉત્તર ગુજરાત પ્રાંત સ્તરે પ્રશ્નમંચમાં દ્વિતીય નંબર મેળવેલ છે. વિજેતા થનાર વિદ્યાર્થી શ્રી માધવ જીતેન્દ્રકુમાર મહેતા અને શ્રી તેજસ્વીની વિશ્વાસભાઈ પટેલને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમએસસી ઈન્સ્ટીટ્યૂટમાં મોબાઈલ એપ્લીકેશન વિષય પર વર્કશોપ યોજાયો

મોડાસા, તા. ૧૭

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કોલેજ, મોડાસામાં બે દિવસીય એન્ડ્રોઈડ વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એક્ષપર્ટ તરીકે અમદાવાદથી લેગાટો ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડમાંથી ડૉ. આશીષ પારેજીયા આવ્યા હતા. આ બે દિવસીય વર્કશોપનું ઉદ્ઘાટન કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. શાહ તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહે કર્યું હતું.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન કઈ રીતે ડેવલોપ થાય તેવુ પ્રેક્ટીકલ સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આકાશગીરી ગોસ્વામી તથા પ્રો. ભૌમિક કોઠારીએ કર્યું હતું.

હિંમતનગરમાં જનાદેશ સંમેલન

હિંમતનગર, તા.૧૭

ગુજરાતમાં જેમ જેમ ચૂંટણી જાહેર થવાનો સમય નજીક આવતો જય છે તેમ તેમ રાજકીય સમીકરણો પણ બદલાતા જાય છે તેમજ આગામી સમયમાં મોટા બદલાવ સાથેની સંભાવનાઓ પણ વધતી જાય છે. ત્યારે અલ્પેશ ઠાકોરેની ઉપસ્થિતિમાં રવિવારે હિંમતનગરમાં જનાદેશ સંમેલન યોજાયું હતું. રાજકારણમાં પ્રવેશવાની લઈને સાબરકાંઠાના હિમતનગરમાં આજે ઠાકોર સેનાની મોતીપુરાથી વિશાળ બાઈક રેલી યોજાઈ જેમાં ઓબીસી એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોર સાથે જોડાયા હતા. જે રેલી લગભગ બે કિલોમીટર અંતરમાં ફરીને સહકાર હોલમાં જનાદેશ સંમેલનમાં ફેરવાઈ હતી. ત્યારબાદ તલવાર અને હાર દ્વારા અલ્પેશ ઠાકોરનું સ્વાગત બાદ જનાદેશ સંમેલનની કમાન સંભાળી હતી અને ઉપસ્થિત તમામ પાસે રાજનીતિમાં જવું કે ન જવું તેની સંમતિ માગી હતી. ઉપસ્થિત તમામે તાળીઓના ગડગડાટ સાથે સંમતિ આપી હતી. માંગણીમાં બેરોજગારોને રોજગાર, શિક્ષણ અને ખેડૂતોને જરૂરિયાત ખેતીમાં પાણી આપી તેવી સરકાર જોઈએ છે જે આપણા વગર બને તેમ નથી એ હવે રાજકીય પાર્ટીઓને ખબર પડી ગઈ છે અને હું તમારા માટે લડુ છુ. તમે જે કહો તે કરવા તૈયાર છુ હું પગે પડીને ખુરશી લેવા નથી માંગતો મર્દાનગીથી ખુરશી લેવા માંગું છુ અને લઈને જ રહીશું અને ૨૦૧૮માં આપણી જ સરકાર બનશે તેવો વિશ્વાસ ઉપસ્થિત લોકોને આપ્યો હતો. વધુમાં જણાવેલ કે રાજકીય પ્રવેશને લઈને જનાદેશ સંમેલન યોજી રહ્યા છીએ અને અમને જનાધાર પણ મળે છે. અમે નવો કોઈ પક્ષ નહિ બનાવીએ અને બે માંથી એક પક્ષમાં જોડાઈશ જે પક્ષમાં ઈમાનદાર ધારસભ્યો હશે અને ગાંધી, સરદાર અને આંબેડકરની વિચારધારાને અનુસરશે અને મજબૂતાઈ થી આગળ લઈ જવાનો પ્રયત્ન કરશે તેની સાથે રહીશું. ઈવીએમ વિષે કઈ કહી ના શકું એમાય ગરબડ સાંભળી છે અને ભરોસો પણ નથી રાખતો પણ ગુજરાતમાં ચુંટણી પંચ નિષ્પક્ષ ચુંટણી કરાવે તેવી વાત કરી હતી.

મહેસાણા જિલ્લામાં ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ દ્વારા મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૧૭

ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ દ્વારા વિસનગર તાલુકાના કાંસા ગામે નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાના અધ્યક્ષ સ્થાને મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા મહિલા જાગૃતિ માટે ગામડા છેવાડાની મહિલાઓમાં જાગૃતિ કેળવવા માટે નુંભગીરથ કાર્ય હાથ ધરાયું છે. મહિલા સુરક્ષા જાગૃતિ અને સશક્તિકરણ વિશે અને યોજના અને ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

બીજી તરફ દુષ્કર્મ જેવી ગંભીર ઘટના બને તે માટે રાજ્ય સરકાર દ્વારા મહિલા સુરક્ષા માટે ૧૮૧ ટોલ ફ્રી નંબરની સેવા ૨૪ કલાક રાત દિવસ કાર્યરત રહે છે. જેના ભાગરૂપે મહિલાઓ ગમે ત્યાં ગમે ત્યાં તેવી મુશ્કેલીમાં અડધી રાતે પણ વિના મૂલ્યે ૧૮૧ ઉપર ફોન કરીને તત્કાલ પોલીસની મદદ મેળવી શકે છે. કાર્યક્રમમાં અગ્રણી જશુભાઇ પટેલ, મહિલા સુરક્ષા સમિતિના સભ્ય વર્ષાબહેન પટેલ મહિલા સુરક્ષા સમિતિના સભ્યો સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.